GJPM030019202026

**કાલોલ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૭૦૩૬૨૬૦૮૪૧/૨૦૨૬ ના કામે આરોપી સાદીક મહંમદહનીફ ભીસ્તી નાઓની જામીન અરજી નીચેનો હુકમ..**

---

(૧) અરજી વંચાણે લીધી આરોપી તરફે વિ.વ.શ્રીને તથા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૨) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી રજુઆત કરતા જણાવે છે કે, આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ છે. આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી.ગુનાની ટ્રાયલ ચાલતા ઘણો સમય લાગે તેમ છે ત્યાં સુધી આરોપીને જેલમાં રાખવા જોઈએ નહી. કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનુ પાલન કરશે. આમ આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જામીન અરજી સામે વાંધો લેતા જણાવે છે કે, આ કામના આરોપી ટ્રાયલ દરમ્યાન હાજર રહેશે નહી. તથા ફરીથી આવો ગુનો કરે તેવી સંભાવના છે. જેથી ગુનાની ગંભીરતા ધ્યાને લઈ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૪) સમગ્ર હકીકત ધ્યાને લેતા આ કામના આરોપી સામે બી.એન.એસ.–૨૦૨૩ ની કલમ–૩૦૩(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે. વધુમાં આ ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને છે. ગુનાની ટ્રાયલ ચાલતા ઘણો સમય લાગે તેમ છે. વધુમાં જામીન અરજીનો નિર્ણય કરતી વખતે ગુનાની ગંભીરતા, સજાની માત્રા આરોપીની વર્તણુંક, ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાની શકયતા, આરોપીનો ગુનાઈત ઈતીહાસ, આરોપીની ટ્રાયલ સમયે હાજરી, વિશાળ જનતા પર થતી તેની અસર વિગેરે પરીબળો ધ્યાને લઈ જામીન અરજીનો નિર્ણય કરવો જોઈએ. વધુમાં આરોપીને અગાઉ કોઈ ગુનામાં દોષીત ઠરાવવામાં આવેલ હોય તેવી પણ ફરીયાદપક્ષની રજુઆત નથી. વધુમાં ''બેઈલ નોટ જેઈલ'' નો સિધ્ધાંત ધ્યાને લઈ જો આરોપીની હાજરી ટ્રાયલ સમયે સુનિશ્ચત કરી શકાય તેમ હોય તો આરોપીને જેલમાં રાખવો જોઈએ નહી. જેથી આ કામના આરોપીને શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માની નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

– આરોપીની જામીન અરજી આથી ''**મંજુર**'' કરવામાં આવે છે.

– આ કામના આરોપી સાદીક મહંમદહનીફ ભીસ્તી નાઓએ રૂ.૨૫,૦૦૦/– (અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન

તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

**શરતો :–**

(૧) આરોપીએ ફરીયાદપક્ષના સાક્ષી પુરાવા સાથે ચેડા કરવા નહી કે લોભ– પ્રલોભન કે ધાક ધમકી આપવી નહી.

(૨) આરોપીએ તપાસના કામે સંપુર્ણ સહકાર આપવો અને તપાસના કામે તપાસ કરનાર અધીકારી જયાં અને જયારે બોલાવે ત્યાં ઉપસ્થીત થવું.

(૩) આરોપીએ પોતાના રહેણાંકનુ કાયમી સરનામુ(સરકારી આધાર સાથે),ટેલીફોન, મોબાઈલ નંબર દીન ૭ માં સોગંદપર જાહેર કરવા.

(૪) ફરી વખત આવો કે અન્ય કોઈ પ્રકારનો ગુન્હો આચરવો નહી.

હુકમ આજ રોજ મારી સહી તથા આ અદાલતનો સિકકો કરીને ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૮/૨૦૨૬.
મુકામ : કાલોલ

(સુદેશ ગીલ)
ઍડિ. ચીફ જયુડીશ્યલ મૅજિસ્ટ્રેટ
કાલોલ–પંચમહાલ
UNIQUE CODE GJ01400

રમજાની શકલા (પી.એ./સ્ટેનોગ્રાફર)